# ઈમરજન્સી મોબાઈલ એલર્ટ



જો તમારું જીવન, આરોગ્ય કે સંપત્તિ ગંભીર જોખમમાં હોય તો તમારા મોબાઈલ ફોન પર એક ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મોકલી શકાય છે જેના માટે તમારે કોઈ એપને ડાઉનલોડ કે તેમાં સાઈન અપ કરવાની જરૂર નથી.

**તમારો ફોન કમ્પિટિબલ છે કે કેમ તે જાણવા civildefence.govt.nz પર મુલાકાત લો.**

EMERGENCY MOBILE ALERT

GUJARATI

## જો તમારું જીવન, આરોગ્ય કે સંપત્તિ ગંભીર જોખમમાં હોય તો તમારા મોબાઈલ ફોન પર એક ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મોકલી શકાય છે.

સેલ પ્રસારણ ટેકનોલોજીનો ઉપયોગ કરીને એલર્ટ્સ મોકલી શકાય છે, જેથી કોઈ એપને ડાઉનલોડ કે તેમાં સાઈન અપ કરવાની કોઈ જરૂર નથી. તેને અસરગ્રસ્ત ક્ષેત્રો માટે લક્ષ્યાંકિત પણ કરી શકાય છે, જેથી તમારા વિસ્તારમાં ઈમરજન્સી હોય તો જ તે મેળવશો.

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મેસેજ ફક્ત નાગરિકી સંરક્ષણ અને ઈમરજન્સી મેનેજમેન્ટ મંત્રાલય, નાગરિકી સંરક્ષણ ઈમરજન્સી મેનેજમેન્ટ ગ્રુપ્સ, ન્યૂઝિલેન્ડ પોલીસ, અગ્નિશમન અને ઈમરજન્સી ન્યૂઝિલેન્ડ, આરોગ્ય મંત્રાલય અને પ્રાથમિક ઉદ્યોગો માટેના મંત્રાલય દ્વારા જ મોકલી શકાય છે.

તમારો ફોન ચાલુ હોય, તેને પ્રાપ્ત કરવા સક્ષમ હોય અને લક્ષ્યાંકિત વિસ્તારમાં હોય તો તમને એલર્ટ મળવો જોઈએ. તમે શોધી શકો છો કે શું તમારો ફોન civildefence.govt.nz પરથી એલર્ટ મેળવી શકે છે.

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મેસેજ અન્ય ઈમરજન્સી એલર્ટનું સ્થાન નથી લેતા. તમને ચેતવણી આપવા અન્ય ચેનલ સહિતના વધારાના રસ્તા પણ છે. તાત્કાલિક પગલાં લો. તમામ ફોન એલર્ટ મેળવવા સક્ષમ નથી હોતા, માટે તમને એલર્ટ મળે તો તેની બીજાને જાણ કરો. તમને લાગે કે તમારો જીવ જોખમમાં છે, તો સત્તાવાર ચેતવણીની રાહ ન જુઓ.

## ઈમરજન્સી મોબાઈલ એલર્ટ કેવી રીતે કામ કરે છે?

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ એક સમર્પિત સિગ્નલ છે, માટે તે ઈમરજન્સીમાં વધુ આધારભૂત છે જેવા સમયે મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ ટ્રાફિક નેટવર્કને ઓવરલોડ કરી શકે છે.

તમે કયા નેટવર્કમાં છો તેનાથી કોઈ ફરક પડતો નથી. પ્રસારણના સમયે જે-તે વિસ્તારમાં પ્રવેશ કરતા કોઈ પણ સક્ષમ ફોન પર એલર્ટ પ્રાપ્ત થશે.

## શું હું ઈમરજન્સી મોબાઈલ એલર્ટ પ્રાપ્ત ન કરવાનું પસંદ કરી શકું?

ઈમરજન્સી મોબાઈલ એલર્ટનો હેતુ તમને સુરક્ષિત રાખવાનો હોવાથી, તમે ઈમરજન્સી મોબાઈલ એલર્ટ પ્રાપ્ત ન કરવાનું પસંદ નહીં કરી શકો. તમારો ફોન અન્ય દેશોમાં ઉપયોગમાં લેવાતા વૈકલ્પિક સેટિંગ્સ બતાવી શકે છે, પરંતુ ન્યૂઝિલેન્ડમાં અમે કાયમી ચાલુ રહેતી વિશેષ પ્રસારણ ચેનલનો ઉપયોગ કરીશું.

## મને ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મળે તો મારે શું કરવું?

તમે જે કરતા હોવ તે બંધ કરવું અને સૂચનાઓનું પાલન કરવું.

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મેસેજ ફક્ત અધિકૃત ઈમરજન્સી એજન્સીઓ દ્વારા જ મોકલી શકાય છે, અને એ પણ જીવને, આરોગ્ય કે સંપત્તિને ગંભીર ખતરો હોય ત્યારે (અને પ્રતિ વર્ષ એક અથવા બે ટેસ્ટ), માટે જો તમને કોઈ એલર્ટ મળે તો તેને ગંભીરતાથી લેવી અને જેમાં જે કહેવાય તે ગંભીરતાપૂર્વક કરવું.

## ઈમરજન્સી મોબાઈલ એલર્ટ અન્ય ચેનલનું સ્થાથ નથી લેતી

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ એ ઈમરજન્સીની સ્થિતિમાં તમને સુરક્ષિત રાખવા માટે વપરાતી અન્ય ચેનલ છે. રેડિયો, ટીવી, વેબસાઈટ અને સોશિયલ મીડિયા જેવી અન્ય ચેનલોનો હજી પણ ઉપયોગ કરાશે. આ એલર્ટ અન્ય એલર્ટ કરવાની પ્રણાલિ અથવા કુદરતી ચેતવણી બાદ પગલાં લેવાની જરૂરિયાતનું સ્થાન નથી લેતી.

તમારે હજી પણ ઈમરજન્સી માટે તૈયાર રહેવું જોઈએ, અને તમે પગલાં લો તે પહેલાં એલર્ટ મળે તેની તમારી રાહ ન જોવી જોઈએ. તમને લાગે કે તમારો જીવ જોખમમાં છે, તો સત્તાવાર ચેતવણીની રાહ ન જુઓ. તાત્કાલિક પગલાં લો.

શું કરવું, ક્યાં જવું, તમને કોણ મદદ કરી શકે અને તમારી મદદની કોને જરૂર પડી શકે વગેરે સહિત તમારો પોતાનો ઈમરજન્સી પ્લાન બનાવવા માટે પૂરતો સમય લો. તમે ઓનલાઈન happens.nz પર તમારો પ્લાન બનાવી શકો છો.

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ વિશે civildefence.govt.nz પર વધુ વિગતો મેળવો.